
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચાંડાલ યોગ ચાલે છે. સૂર્ય બપોરે બાર વાગે મીન રાશિમાં પ્રવેશે છે - મીનારક કમૂરતાં શરૂ - સૂર્ય - ગુરુ એકબીજાની રાશિમાં હોઈ ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે તેથી ખરાબ અસરો થવાની નહિવત્ સંભાવના છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બુધ - શુક્ર સૂર્યની યુતિમાંથી નીકળી જતાં પોતાની શુભ અસરો બનાવવાની શરૂ કરશે જેથી લાભ ભુવનની લાભ આપવાની પ્રક્રિયા ચાલુ થશે. એકાદ આનંદદાયક પ્રવાસ થશે. દિવસ સારો જશે.

**વૃષભ** રાશિમાં ઉચ્ચનો ચંદ્ર તથા સાતમે સ્વગૃહી મંગળ - બંને ગ્રહો બળવાન છે ને સારા છે તેને કુટુંબ સાથે સારો સમય વ્યતિત થાય. ચોથે દસમે શુભગ્રહો હોી માત-પિતાનું વડીલોનું સુખ ખૂબ મળે.

**મિથુન** દસમે સૂર્ય પ્રવેશ આપના જીવનનો ઉત્તમ સમય દર્શાવે છે - કોઈ મહત્વનું પદ પ્રાપ્ત થાય. રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા આપની પ્રતિભાની ઓળખ સમગ્ર વિશ્વને થાય તેવો યોગ આ માસમાં આવે છે.

**કર્ક** પાંચમે સ્વગૃહી મંગળ આપના સંતાનને આપની સાથે દલીલો કરવાનું મન થાય તેવો યોગ છે - સંતાન ભુવનમાં સ્વગૃહી મંગળ - શનિ આપના સંતાનને જીદ્દી બનાવે એવો યોગ લાવે છે.

**સિંહ** સૂર્યનું રાશિ ભ્રમણ તેમજ કેન્દ્રમાં ચંદ્ર સાથે તમામ સ્થાનોમાં શુભ ગ્રહો ાવી જતા હોઈ છેલ્લા કેટલાક સમયથી ચાલતી મુશ્કેલીઓનો અંત આવી જશે. દિવસ આનંદમાં જશે.

**કન્યા** સાતમે સૂર્ય તા. ૧૫-૪-૧૬ સુધી રહેશે જે આખા - માસ દરમિયાન મીનારક કમૂરતાંમાં તમારાથી કોી શુભ કાર્ય નહીં થાય. નવું સાહસ કરી શકશો નહીં. આગામી સમયમાં સાવધ રહેશો.

**તુલા** પાંચમે બુધ શુક્રથી સૂર્ય છઠ્ઠે ગયેલ હોઈ હવે સંતાન ભુવન પ્રથમ બને છે જેથી આપના સંતાનો હવે બહુ સારી પ્રગતિ કરશે. આર્થિક લાભ મળશે. દિવસ આનંદમાં જશે.

**વૃશ્ચિક** સાતમે ઉચ્ચનો ચંદ્ર તમારી રાશિમાં રહેલ મંગળને ઠંડો રાખશે જેથી તમારે આજે ક્રોધ - ગુસ્સાને કાબૂમાં રાખવાની જરૂર નહીં પડે. આપોઆપ ઠંડા રહેશો.

**ધન** નવમે ગુરુ તેમજ ત્રીજે બુધ અને શુક્ર તમોને તમારા મિત્રો - ભાઈઓ દ્વારા મદદ મળવાના યોગો છે. તમારો આગામી સમય સારો રહેશે. દિવસ મિશ્રફળ આપનાર રહે.

**મકર** બીજે આઠમે શુભગ્રહો રાહુ કેતુની પ્રતિયુતિથી અસરમાં હોઈ તમોને આ પ્રતિયુતિનું સારું ફળ જેટલું મળવું જોઈએ તેટલું મળતું નથી એ હકીકત છે - નુકસાન ન થાય તેની કાળજી રાખવી.

**કુંભ** રાશિમાં બુધ - શુક્રની યુતિ તેમજ ગુરુ સાથે શુક્રની પ્રતિયુતિનો આ યોગ હાલમાં સારો ગણાય તેવો નથી - આ યોગ મિશ્ર ફળ આપનાર મળે - નફો - નુકસાન એક સરખું થવાના યોગ છે.

**મીન** રાશિમાં સૂર્ય પ્રવેશ તંદુરસ્તી માટે સારો ગણાશે પરંતુ મીનનો સૂર્ય થાય છે જેથી મીનારક કમૂરતાં શરૂ થાય છે - પણ - ગુરુ સૂર્યનો પરિવર્તન યોગ હોવાથી ખરાબ અસરો ઓછી વર્તાશે.

# ઈડર તાલુકામાં માર મારી લૂંટ કરતી ટોળકી પકડાઈ

ઈડર, તા. ૧૩

સાબરકાંઠા જીલ્લાના ઈડર અને જાદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કપોડા, ડુંગરી અને વડીયાવીર પંથકમાં લૂંટારૂ ગેંગ છેલ્લા કેટલાક દિવસોથી સક્રિય બનતાં પોલીસ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. જેથી જીલ્લા પોલીસ વડાએ આ ગેંગને ઝડપી લેવા માટે જાદર, ઈડર, વડાલી અને પોશીના પોલીસની ટીમ બનાવી ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. દરમિયાન શુક્રવારે રાત્રે વોચ ગોઠવીને ઝડપી લેવામાં આવી હતી. જોકે પોલીસે લૂંટારૂ ગેંગના ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. બાકીના ત્રણને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે જીલ્લા પોલીસ વડા પી.એલ.માલ તથા નાયબ અધિક્ષક તેજલ પટેલના જણાવાયા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી ઈડર તથા જાદર પોલીસ સ્ટેશનની હદમાં રાત્રીના સમયે એકલ દોકલ વાહન લઈને જતા લોકોને રોકી ધોકા મારી લૂંટી લેવાના બનાવોમાં વધારો થયો હતો. તેમજ ખેતરમાં કામ કરતા તથા બોરકુવાની ઓરડીમાં રહેતા લોકોને પણ લૂંટી લેવાના બનાવોને લઈને આ વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો.

બીજી તરફ ચોરી અને લૂંટફાટની ઘટનાઓ વધતા પોલીસ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. જેથી એલ.સી.બી. એસ.ઓ.જી. તથા ખેડબ્રહ્મા, જાદર, ઈડર, વડાલી અને પોશીના પોલીસની ખાસ ટીમો બનાવી રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવ્યું હતું. દરમિયાન અગાઉ પકડાયેલ મશરૂ લાડુ ગમાર (અંબાસર)નો જમાઈ નારાયણ લાડુરા (સોંદ્રફ, તા.કોટડા છાવણી) કે જે ઈડર તાલુકાના ભંડવાલ ગામે રમેશભાઈ ધુળાભાઈ પટેલના ત્યાં ખેતી કરે છે. તે બાતમીને આધારે નારાયણ લાડુરાની પોલીસે પુછપરછ કરી હતી.

પુછપરછ દરમિયાન નારાયણ લાડુરાએ ચોરી અને લૂંટફાટના ગુનામાં પોતાના સસરા તથા અન્ય લોકો સામેલ હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત નારાયણ લાડુરાને પોતાના સસરાએ આપેલ મોબાઈલ પોલીસે કબ્જે લઈ તપાસ હાથ ધરી હતી. જે અંતર્ગત પોલીસે પોશીના તાલુકાના અંબાસર ગામે કોંબીંગ કરી મશરૂ લાડુ અને ભોજા ઉદાને ઝડપી લીધા હતા.

ત્યારબાદ આ બંને પાસેથી મળેલી માહિતીને આધારે કાન્તી બાબુ (અંબાસર), ભરતભાઈ બાબુ (છોછર) તથા પ્રતાપ દિતા ગમાર (સેબલીયા) પણ સામેલ હોવાનુંબહાર આવ્યુંહતું. આ ગેંગે કપોડા, ડુંગરી અને વડીયાવીરની સીમમાં લૂંટફાટ કરી હોવાનુંજણાયુંહતું.જેથી પોલીસે ગેંગના બાકીરહેલા કાન્તી ગમાર, પ્રતાપ ગમાર અને ભરત ગમારને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઈડર તાલુકામાં ગુના ક્યારે બન્યા હતા ?

છેલ્લા કેટલાક દિવસોથી ઈડર અને જાદર પોલીસ સ્ટેશનની હદમાં ચોરી અને લૂંટફાટના બનાવ વધ્યા હતા. ત્યારે ગત તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૬ એ ઈડર તાલુકાના વડીયાવીર ડીમાં, ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ એ કપોડાની સીમમાં અને ૨૯-૦૩-૨૦૧૬ ના રોજ ચોરી અને લૂંટફાટની ઘટના અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઈ હતી.

### પાંચ દિવસના રીમાન્ડ મંજુર

ચોરી અને લૂંટના ગુનામાં સંડોવાયેલા ગેંગના ત્રણેય સભ્યોને શનિવારે સાંજે ઈડરની કોર્ટમાં રજુ કરાયા હતા જ્યાં ન્યાયાધીશ વ્યાસે ત્રણેયના તા. ૧૭ માર્ચ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે. જે આધારે પોલીસે ત્રણેયની વધુ પુછપરછ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલા શખ્સો પાસેથી પોલીસ અનેક ગુનાનો ભેદ ઉકેલી શકશે.

# જિલ્લામાં પલટાયેલુ વાતાવરણ ખેડૂતવર્ગ માટે ચિંતાનો વિષય

## આગોતર વાવેતર કરેલ ઘઉંના પાકને ઘર ભેગો કરવા ખેડૂતો રઘવાયા બન્યા

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી-ધુળેટી પૂર્વે વાતાવરણમાં આવેલા પલટાને કારણે હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના સહિતના અન્ય વિસ્તારોમાં કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણને કારણે ખેડૂતોને માથે આફતના ઓળા ઉતર્યા છે. એકબાજુ વરિયાળી, ઘઉં તથા રાયડાનો પાક તૈયાર થઈને ખેતરમાં ઝૂલી રહ્યો છે ત્યારે જો માવઠું થશે તો તેના કારણે ખેડૂતોને આર્થિક નુકશાન થઈ શકે છે.

દરમિયાન રવિવારે પણ આકાશમાં વાદળો ચઢી આવવાને કારણે આગોતર વાવેતર કરેલ ઘઉંના પાકને થ્રેસરમાં નાખી ઘર ભેગો કરવા માટે ખેડૂતવર્ગ ઉતાવળ કરી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ગત વર્ષે અમુક વિસ્તારોમાં થયેલા વધુ વરસાદને કારણે ખેડૂતોની હાલત પડતા પર પાટુ જેવી થઈ હતી. પોશીના તાલુકા વિસ્તારના અતિવૃષ્ટિથી ચોમાસુ પાક ખેડૂતોનો નિષ્ફળ ગયો હતો અને આ વર્ષે ખેડૂતોનું તમામ મદાર શિયાળુ પાક ઉપર છે અને મોંઘાભાવના બિયારણ અને ખાતર લાવી ખેડૂતોએ ઘઉંનું વાવેતર કરેલ છે અને હાલ આ વિસ્તારમાં પાક પાકી ગયેલ હોઈ કાપણીની સીઝન ચાલુ છે અને તૈયાર પાક ખેતરોમાં પડેલ છે. ત્યારે છેલ્લા બે દિવસથી આ વિસ્તારમાં વાતાવરણમાં આવેલ પલટાથી વાદળછાયુ વાતાવરણ થવા પામેલ છે અને જો માવઠું થાય તો આ વિસ્તારના ગરીબ ખેડૂતોના પાકેલા માલને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જેથી હાલ ખેડૂતવર્ગ ચિંતિત બનવા પામેલ છે.

# મેઘરજ કદવાડી ગામના બી. એસ. એફ. જવાનનું ફરજ દરમિયાન મોત

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કદવાડી ગામના આડત્રીસ વર્ષીય બી.એસ.એફ. જવાનનું મેઘાલય ખાતે ફરજ દરમ્યાન આકસ્મિક મૃત્યુ થતા સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે.

કદવાડી ગામના લાલાભાઈ રામાભાઈ ખરાડી વર્ષ ૨૦૦૩માં બી.એસ.એફ.માં ભરતી થયા હતા. તે દરમ્યાન દેશના વિવિધ રાજ્યોની સરહદો ઉપર તેમણે ફરજ બજાવી હતી. તેઓ અત્યારે હાલ છેલ્લા કેટલાય સમયથી મેઘાલયના (તુરા) ખાતે ફરજ પર નિયુક્ત હતા તે દરમ્યાન ગત તા. ૧૦-૩-૨૦૧૬ના રોજ ફરજ બજાવતા હતા. તે દરમ્યાન એકાએક અકસ્માતે તેમનુ મોત નિપજ્યું હતું. એ જ દિવસે શહિદ થયાના સમાચાર તેમના કુટુંબને મળેલ હતા. શહીદ થનાર આ ફોજી જવાન લાલાભાઈને પરીવારમાં પત્નિ, ત્રણ વર્ષનો પુત્ર અને એક પાંચ અને નવ વર્ષની પુત્રી હયાત છે. તેમના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે મેઘાલય (તુરા) ખાતેથી તેમના માદરે વતન કદવાડી ખાતે આજરોજ ૧૩-૩-૨૦૧૬ના રોજ લાવવામાં આવ્યો હતો. અને અંતિમ યાત્રામાં ગામના તેમજ સમાજના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.




## મોડાસા એસ.ટી. ડેપોમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લામાં હિંમતનગર ગુજરાત રાજય વાહન વ્યવહાર વિભાગીય સંચાલિત અને જિલ્લાના મુખ્ય મથક મોડાસા એસ.ટી.ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓ ડ્રાયવર-કડંકટરો માટે નેત્ર નિદાન કેમ્પ અને ડ્રાયવર કડંકટરો મટે દિશાસૂચન અંગે બે દિવસ સુધી કાર્યક્રમ યોજાયો હતો. મોડાસા એસ.ટી.ડેપોના ૪૦૦ જેટલા કર્મચારીઓએ માર્ગદર્શન સેમિનાર અને નેત્ર નિદાન કેમ્પના ૨૮૨ કર્મચારીઓએ લાભ લીધો હતો.



## થરા-રૂનિ માર્ગ પરની ખુલ્લી વીજ ડીપીથી અકસ્માતની ભીતી

કાંકરેજના મુખ્ય વેપારી મથક થરા-રૂનિ માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ખુલ્લી વીજ ડીપી અને ખુલ્લી તૂટેલી ગટર જોખમી સાબિત થઈ રહી છે ત્યારે તંત્ર સત્વરે આ મુસીબતને દૂર કરે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

થરા-રૂનિ માર્ગ પર જમીનથી ત્રણ ફૂટ સિમેન્ટના ઓટલા ઉપર વીજ ડીપી આવેલી છે. જે વીજ ડીપીની સારસંભાળ ન થતા તૂટી જવા પામી છે અને તેના ખુલ્લા વીજ વાયરો જોખમી સાબિત થઈ રહ્યા છે. જયારે આજ માર્ગ પર અનેક ગટરોના ઢાંકણા તુટી ગયા છે જેથી વારંવાર અકસ્માત થઈ રહ્યા છે અને નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાઈ રહ્યો છે. સ્થાનિકો એ વારંવાર આ મામલે તંત્રને લેખિત જાણ કરી છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. અને તુટેલી ગટરોને રીપેર કરાવી ખુલ્લી વીજ ડીપીની ફરતે ફેન્સીંગ કરવામાં આવે સત્વરે તેવી માંગ કરી રહ્યા છે.

# ધાનેરામાં તંત્રની મહેરબાનીથી પતાશાની ફેકટરીમાં બાળ મજૂરોનું શોષણ

### પતાશામાં જે તે વસ્તુ નાખી લોકોના આરોગ્ય સાથે ચેડા : તંત્રની મહેરબાની : બાળ મજુરોની શોષણ કરનાર અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર મહેશ્વરીને જેલ ભેગો કરવો જોઈએ : લોકોનો આક્રોશ

ધાનેરા, તા.૧૩

હોળી ધૂળેટી ના તહેવાર નિમિતે લોકો પોતાના લાડકવાયા દીકરા અને દીકરી ના જન્મ નિમિતે પતાશા વેચી ખુસી માનવતા હોય છે પણ પતાશા બનાવનાર લોકો ના આરોગ્ય સાથે કેવા ચેડા કરે છે

બનાસકાંઠા જીલ્લા ના ધાનેરા અંબિકા નગર સોસાયટી માં આવેલી આ પતાશા ની ફેક્ટરી માં પતાશા બનાવામાં આવી રહ્યા છે તમે પણ જુઓ કે આ પતાશા કેવી રીતે બની રહ્યા છે. પતાશા બનાવનાર યુવક તો પોતાની રોજી રોટી માટે પતાશા બનાવી રહ્યો છે પણ પતાશા બનવવા માટે સામગ્રી લાવનાર અને પતાશાની ફેકટરી ચલાવનાર મહેશ્વરી કાન્તિલાલ લોકોના આરોગ્ય સાથે ભારે ચેડા કરી રહ્યો છે હવે જો વાત કરવામાં આવે ચેડા કરવાની તો પતાશા ને સફેદ કરવા માટે પતાશામાં સંખજીરું નાખવામાં આવે છે અને આ સંખજીરું જે લોકો ના સ્વસ્થ માટે હાનીકારક ગણાય છે બીજું કે પતાશાની અંદર કેમિકલ પણ નાંખવામાં આવે છે જેને લઈ લોકો નો જીવ પણ જોખમમાં મુકાય છે માટે હવે પતાશા ખરીદતા તમામ લોકોને જાગવાની જરૂર છે અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર આ મહેશ્વરીને પાઠ ભણાવવો જ જોઈએ.



# કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે ટેન્કરની ટક્કરે બાઈકચાલકનું મોત

કાંકરેજ, તા. ૧૨

કાંકરેજ તાલુકાના કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત થતા બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે ટેન્કર ચાલક ટેન્કર મુકી ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ કંબોઈના ૪૬ વર્ષીય બળવંતજી ઠાકોર દુદાસણ બાઈક પર જઈ રહ્યા હતા. આ દરમિયાન કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે પુરપાટ ઝડપે દોડી આવતા દૂધના ટેન્કરે બાઈકચાલકને અડફેટે લઈ તેને કચડી નાખ્યો હતો. પરિણામે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. આ મામલે શિહોરી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહની તપાસ કરી તેને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. જ્યારે ફરાર ટ્રક ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## ધુલેટામાં વીજ કરંટ લાગતા આધેડનું મોત

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ધુલેટા ગામની સીમમાં કૂવાની ઓરડીમાં રવિવારે સવારે મોટરના સ્ટાર્ટરમાં વીજ ફોલ્ટ થતાં તેનું સમારકામ કરવાનો પ્રયાસ કરતા વાડીલાલ ડાહ્યાભાઈ સુથાર (મૂળ રહે.નવાભવનાથ, ભિલોડા) ને અચાનક કરંટ લાગતા તેમનું તરત જ મોત નિપજયુ હતું. જે અંગે તેમના ભાઈ મહેશભાઈ સુથારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ધુલેટાની સીમમાં ડાહ્યાભાઈ સુથારે ખેતી કરવા માટે કેટલીક જમીન ભાડે રાખી હતી.

## હિંમતનગરમાં આદિવાસી કિશોરી પર મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરાયું

હિંમતનગરમાં નવા રોડ પર આવેલા ગાયત્રી આશ્રમ પાસે રહેતા શખ્સએ એકાદ વર્ષથી આદિવાસી સમાજની કિશોરીને જાનથી મારવાની ધમકીઓ આપી અવારનવાર મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરવાનો મામલો ગરમાયો છે. તદઉપરાંત દુષ્કર્મ આચરનાર નરાધમ ગત તા.૭ મી માર્ચના રોજ બાઈક પર કિશોરીનો પીછો કરી છેડતી પણ કરતા પિડીત કિશોરીએ શુક્રવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ આચરનાર અને છેડતીના મામલા દરમિયાન મદદગારી કરનાર ગઢોડાના શખ્સ સહિત બે જણા વિરૂધ્ધ મામલો દર્જ કરાવ્યો છે. સગીર વયની કિશોરીને પીંખી નાખવાના મામલે એસ.ટી.એસ.સી. સેલના નાયબ પોલીસ અધિક્ષકે તપાસનો દોર હાથમાં લીધો છે.

# દારૂની હેરાફેરી કરતો અને ખોટી નંબર પ્લેટ લગાવી ફરતા શખ્સને ગાંભોઈ પોલીસે ઝડપી લીધો

હિંમતનગર, તા.૧૩

હિંમતનગર તાલુકામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ખેપિયાઓ પોલીસથી બચવા માટે પોતાના વાહન પર ખોટી નંબર પ્લેટો લગાવી દઈ વાહનનો ઉપયોગ કરતા હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યુ છે. ગાંભોઈ પોલીસે ડિસેમ્બર-૨૦૧૫ માં બામણા ગામની સીમમાંથી દારૂની હેરાફેરીમાં ઝડપાયેલા ખેપિયાએ પકડાયેલા વાહન પર ખોટી નંબર પ્લેટ લગાવી પોલીસની આંખમાં ધૂળ ઝોંકવાના કિસ્સાનો પર્દાફાશ કરી રાજસ્થાનના એક શખ્સ વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફજી દસ્તાવેજ અંગેનો ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ડિસેમ્બર-૨૦૧૫ માં બામણા ગામની સીમમાંથી અશ્વિનભાઈ વાલજીભાઈ તબીયાડ (રહે.ગેડ, તા.વીંછીવાડા, ડુંગરપુર-રાજસ્થાન) ગેરકાયદેસર રીતે ઈંગ્લીશ દારૂની હેરાફેરીમાં ઝડપાયો હતો અને પોલીસે તેની પાસેથી પાસીંગ વગરની મો.સા. પર ખોટો નંબર જીજે.૯.એલ. ૯૪૪૨ ની નંબર પ્લેટ લગાવી ફરતા ઝડપાતા પોલીસે વાહનના રજીસ્ટ્રેશન અંગેની તપાસ કરી હતી. જેમાં પકડાયેલા વાહન પર ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી કરતા શખ્સએ પોલીસની આંખમાં ધૂળ ઝોંકવાનો પ્રયાસ કર્યો હતો. જેનો પોલીસની સઘન તપાસમાં પર્દાફાશ થઈ જતા તપાસકર્તા ગાંભોઈ પોલીસ સ્ટેશનના અ.હે.કો. દિલીપભાઈ વિસાજીએ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં રાજસ્થાનના શખ્સ વિરૂધ્ધ ફજી દસ્તાવેજ અંગેનો ગુનો દર્જ કર્યો હતો.

ગાંભોઈ પોલીસે રાજસ્થાનના અશ્વિનભાઈ વાલજીભાઈ તબીયાડ વિરૂધ્ધ ફજી દસ્તાવેજનો ઉપયોગ કરવા બદલ ગુનો દર્જ કરીને સમગ્ર પ્રકરણની વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તંત્ર દ્વારા દારૂની હેરાફેરીમાં ઝડપાતા અસંખ્ય વાહનોના કેસમાં જો ઝીણવટભરી તપાસ કરાવે તો આવા અનેક ફજી નંબર પ્લેટો લગાવી દારૂની હેરાફેરી માટે થતા વાહનોનો ભંડાસ્ફોટ થઈ શકે અને સરકારી તંત્રની આંખમાં ધૂળ ઝોંકવાનું કામ કરતા દારૂ ખેપિયા-બુટલેગરોની અનૈતિક પ્રવૃત્તિને અંકુશમાં લાવી શકાય.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ગુજરાતમાં આનંદીબહેનની સરકાર જૈનો-વાણિયા માટે લઘુમતી કોમનો જીઆર કાઢે તો ગુજરાતને લઘુમતી કોમના પહેલા મુખ્ય પ્રધાન તરીકે અમિતભાઈ અનિલચંદ્ર શાહ મળે. એ બીજાં રાજ્યોમાં ભાજપને જીતાડીને સ્વગૃહે પાછા ફરે ત્યાં લગી પ્રદેશાધ્યક્ષ વિજયકુમાર રમણિકલાલ રૂપાણી ભરતની જેમ મુખ્ય પ્રધાનપદની પાદુકા મૂકીને વર્તમાન રાજકીય ઈતિહાસમાં તમિળનાડુના મુખ્ય પ્રધાનપદને જયાઅમ્માના જેલવાસ દરમિયાન પનીરસેલ્વમે સંભાળ્યું હતું એમ સંભાળે. દિલ્હીશ્વર નરેન્દ્ર મોદી ગાંધીનગરની ગાદી કોઈ બથાઈ પાડે નહીં એની તકેદારી જરૂર રાખે, પણ જેમ ૩૩ જિલ્લા પંચાયતોમાંથી ૨૩ જિલ્લા પંચાયતો કોંગ્રેસે કબજે કરી અને વિધાનસભા ચૂંટણીમાં એક જ મૂરતિયાને પસંદ કરીને ગુજરાતનો ગઢ જીતી જાય, તો વડા પ્રધાન મોદીને ધોળામાં ધૂળ પડ્યા જેવું લાગે.

મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલે અગાઉથી જ રણછોડરાયની ભૂમિકા સ્વીકારી હોવાનો લાભ કોંગ્રેસ લઈ શકે તો શંકરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા ભલે આનંદીબહેન કરતાં એક વર્ષ મોટા હોય, ગુજરાતના ૧૬મા મુખ્ય પ્રધાન તરીકે શપથ લેવા તૈયાર હોય જ - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ને તો બેઉ હાથમાં લાડુ જેવા સંજોગો છે કારણ વાઘેલા પણ સ્વયંસેવક છે.

## કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

તબદીલની માન્ય પધ્ધતિમાં મુકવામાં આવતા નથી.

કોર્ટે આવા વ્યવહારોને સંપૂર્ણ અથવા નિર્ણયાત્મક તબદીલીઓ અથવા માલીકી ફેર તરીકે ગણતી નથી તેને તબદીલી અધિનિયમની કલમ ૫૩(ક) ની મર્યાદિત હદ સુધી ગણવામાં આવે છે. સંપૂર્ણ ટાઈટલવાળી મિલ્કત ગણવામાં આવતી નથી કારણ કે આવા વ્યવહારો ના તો ટાઈટલ તબદીલ કરે છે ના તો મિલ્કતમાં કોઈ પણ હિત ઉભું કરે છે તેથી નગરપાલીકા અથવા મહેસુલી નોંધોમાં નામ ફેરની નોંધો માટે આવા વ્યવહારો ઉપર આધાર રાખી શકાય નહિ કે તેનો આધાર પણ બનાવી શકાય નહિ તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક ચુકાદામાં ઠરાવેલ છે તેથી નામદાર નીચલી કોર્ટે સાટાખતના કરારો આધિન યથાસ્થિતિનો વચગાળાનો હુકમ આપી શકે નહિ તેવું ઠરાવેલ છે.